મહેન્દ્રદાદાના દામ્પત્ય જીવનની સુવર્ણ જયંતિ દીકરાઓએ ઉજવી...

ચાલોએ વાતને સંતોષ છે કે પરમાત્માએ હજુ જનમ લેવાની ઉતાવળ કરવા જેવી નથી..

(પોપટલાલ પ્રજાપતિ) ગાધીનગર, તા.૪

વડીલો ૬૦ વર્ષના થાય એટલે તેમને વૃદ્ધાશ્રમની વાટ બતાવતા દીકરાઓને ગઈકાલે સેકટર-૪/સી, પ્લોટ નં. ૧૨૮૩/૨ની મુલાકાત લેવાનું આમંત્રણ ન મળ્યુ હોય તો એ તેમનું કમનસીબ છે. ગઈકાલે બપોરે આ મકાનમાં (કોમન પ્લોટમાં) એક ભવ્યાતિ ભવ્ય પ્રસંગ ઉજવાયો, ખબર નથી પડતી કે આમાં ભાગ્યાશાળી

કોણ? દીકરાઓ કે તેમના માતા-પિતા? ૭૫ વર્ષના મહેન્દ્ર પ્રસાદ વિજયશંકર દવે અને ૭૦ વર્ષના ચંદ્રિકાબાને સિંહાસન પર બેસાડી દિકરા અને દિકરી તેમના ગળામાં ગુલાબના હાર પહેરાવે છે. પુત્રવધુઓ તેમને સાષ્ટાંગ પ્રણામ કરે છે. સગાવહાલા તેમને બુકે આપવા કતારબંધ ઉભા છે. મિત્રો વર્તુળ તાલ બદ્ધ કલેપીંગ કરી પ્રસંગને વધાવે છે. પૌત્રો અવાચક બની આ દૃશ્ય જોઈ રહ્યાં છે. 'બાર બાર દિન એ આયે... તુમ જીઓ હજારો સાલ...' હા, મહેન્દ્રદાદા અને ચંદ્રિકાબાના દામ્પત્ય જીવનને ૫૦ વર્ષ પુરા થયા છે. અને દામ્પત્યજીવનની મહેંકથી આકર્ષાઈ સગા-વહાલા અને મિત્રવર્તુળ સેકટર-૪/સીમાં એકત્ર થયા છે. સૌ વારાફરતી દાદા-દાદીના આર્શીવાદ મેળવે છે અને દાદા-દાદીની આંખમાંથી હર્ષાશ્રુ વહી રહ્યાં છે. આ આંસુ પ્રસન્નતાના હતા. જીવનની ધન્યતાના હતા. એ આંસુમાં ખારાશ નહી મિઠાશ હતી અને આ પ્રસંગમાં ૨૫-૩૦ નહિ પણ ૨૫૦ ઉપરાંત માણસો હતા. સૌને માટે જમણવાર હતો. ૭૫ વર્ષે પરિવારમાં હાડ હાડ થતાં વડીલો, વારંવાર સ્વમાન ભંગ અને અપમાનિત થતા દાદા-દાદીઓને ઈર્ષા ઉપજે તેવો આ પ્રસંગ હતો. આ પ્રસંગ ઉજવવા બે દિકરીઓ જયકૃષ્ણ અને શ્રીકાંત તથા એક દિકરી છેક નાસિકથી સપરિવાર અહીં આવેલા.

યુ.જી. કૃષ્ણમૂર્તિએ લખ્યું છે કે, 'સંબંધો એટલે મલ્લ કુસ્તી કે કારરેસ નથી એમાં કોઈએ આગળ નીકળી જવાનું કે કોઈએ કોઈને પછાડી દેવાના નથી હોતા. સંબંધો એટલે સમાંતર ચાલતી બે એવી રેખાઓ જેમાં કોઈએ કોઈને કદી લાંબા ટૂંકા કર્યા વિના પોતપોતાની દિશામાં આગળ વધવાનું છે.' સંબંધોની આ વ્યાખ્યાના મર્મને જાણો તો જીવનમાં કોઈ દુઃખ ન રહે. વ્યક્તિનો અહમ્ કે પોતાની વાત બીજાને મનાવવાની લાલસાથી સંબંધોમાં તિરાડ પડે છે. ખાસ કરીને વ્યક્તિએ નોકરીમાંથી નિવૃત્ત થાય પછી પોતાના વિચારો અને અપેક્ષાઓ પર બ્રેક મારી જમાના સાથે તાલ મિલાવવો પડે તો જ દિકરાઓ અને પુત્રવધુઓ તેમજ પૌત્રોનો પ્રેમ સંપાદન કરી શકાય. નહી તો વૃદ્ધાશ્રમમાં બુકીંગ કરાવવાની તૈયારી રાખવી પડે. હું વડીલ છું, બધા મારી મર્યાદા રાખે અને હું કહું તેમ કરેની ભાવનાથી જીવનમાં કેવળ કલેશ જ થાય. સેકટર-૪/સીમાં રહેતા મહેન્દ્રપ્રસાદ દવે નાસિકમાં સેન્ટ્રલ બેંકમાં મેનેજર તરીકે સર્વિસ બજાવતાં અને ૧૯૯૬માં રીટાર્યડ થયેલા. રીટાયર્ડ વખતે ત્રણે દિકરાઓ વચ્ચે વિવાદ થયેલો. પપ્પા- મમ્મીને પોતાની સાથે જ રાખવાનો. પણ મહેન્દ્રભાઈને નાના દિકરા બાલકૃષ્ણ પાસે રહેવાની ઈચ્છા હોવાથી સૌએ તે માન્ય રાખી. બાલકૃષ્ણ (એક્ષ. સર્વિસ મેન) છે. મહેન્દ્રભાઈનું વ્યક્તિત્વ તદ્દન સાદુ સરળ અને નિખાલસ. જેમને મળે તેના પર પોતાના

● અનુસંધાન પાન-૭ પર

પ્રકૃતિ ઉદ્યાનમાં પ્રદૂષણ - ગાંધીનગરના ગૌરવસમા ઈન્દ્રોડા પાર્ક - પ્રકૃતિ ઉદ્યાનમાં નાનકડો પુલ બનાવાયો છે... નીચે વહેતું ઝરણાનું દૃશ્ય ઊભુ કરાયું છે. આ વહેતા પાણીમાં ગંદુ પાણી ભેળવાઈ જતાં સમગ્ર દૃશ્ય ક્ષોભજનક સ્થિતિમાં મુકાયું છે.... ચિંતા એ વાતની છે પ્રકૃતિના વૈભવસમા પ્રકૃતિ ઉદ્યાનમાં પ્રદૂષણનો પગપેસારો થઈ રહ્યો છે... આરંભથી જ જો કાળજી લેવાય તો આ પગપેસારો અટકાવી શકાય.... ચાલો પ્રદૂષણ મુક્ત કરીએ, પ્રકૃતિનું રક્ષણ કરીએ....

જિલ્લાના ૪૮ ફાજલ શિક્ષકોનો સમાવેશ : ૨૫ને માતૃ સંસ્થામાં રીકોલ

ગાંધીનગર, તા.૪

જિલ્લાના ફાજલ શિક્ષકોને સમાવી લેવા ગત સપ્તાહ દરમિયાન જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ કેમ્પમાં જિલ્લાના ૪૮ ફાજલ શિક્ષકોને સમાવી લેવાયા છે. આ પૈકી ૨૫ શિક્ષકોને રીકોલ કરી તેમની માતૃ સંસ્થામાં ફરી સમાવેશ કરાયો છે.

માધ્યમિક શાળામાં શિક્ષકોની ખાલી જગ્યાઓ ભરાઈ : ગત મહિનામાં કેમ્પ યોજાયો હતો

ધો-૮નો પ્રાથમિક શિક્ષણમાં સમાવેશ થયા બાદ જિલ્લામાં ૧૩૮ જેટલા માધ્યમિક શિક્ષકો ફાજલ થયા હતા. જેની સામે માધ્યમિક શાળામાં ૪૧ જગ્યા ખાલી હોવાનું ધ્યાને આવ્યું

● અનુસંધાન પાન-૭ પર

'શકિત ૨૦૧૩'... ગાંધીનગરની ગૃહિણીઓ માટે રોટરી કલબ આયોજીત સ્ત્રીઓના ગૌરવનો કાર્નિવલ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર રોટરી કલબ શહેર અને જિલ્લાના વિસ્તારમાં સેવાકીય પ્રોજેકટ ચલાવે છે. સ્ત્રીઓના સન્માન અને ગૌરવને આગળ લાવવા, તેમનામાં આત્મવિશ્વાસનો વધારો કરવા માટે બે દિવસના વૈવિધ્યસભર કાર્યક્રમનું આયોજન કરાયું છે.

સ્ત્રી શકિત ૨૦૧૩ના ટાયટલ હેઠળ વિવિધ વકતવ્યો અને પ્રવૃત્તિઓ હાથ ધરાઈ છે. ખુશ રહેવાની ચાવી, બાળ વિકાસ, આરોગ્ય જાળવણી, મહિલા ઉદ્યોગ સાહસિકતા, સ્વરક્ષણ, સંબંધોની જાળવણી, નાટક, આરોગ્યની તપાસ, સફળતાની ચાવી જેવાં કાર્યક્રમથી 'વુમન કાર્નિવલ' યોજાશે.

ગાંધીનગરની મહિલાઓની અપેક્ષાઓને ધ્યાને લઈને જ આ સમગ્ર કાર્યક્રમની રૂપરેખા હાથ ધરાઈ છે. ૯-૧૦ ફેબ્રુઆરીના રોજ સે-૧૭ના ટાઉનહોલમાં આ કાર્યક્રમ યોજાવાનો છે. આ કાર્યક્રમમાં ગાંધીનગરની કોઈ પણ સ્ત્રી જોડાઈ શકે છે. આ અંગેનાં ફોર્મ વિવિધ જગ્યાએ ઉપલબ્ધ છે. રોટરી કલબનાં આ મહત્વાકાંક્ષી પ્રોજેકટમાં ગાંધીનગરની સૌ સ્ત્રીઓ ઉમળકાભેર જોડાય એવી અપીલ રોટરી કલબ ગાંધીનગરના પ્રમુખ સમીર ત્રિવેદીએ કરી છે. અવનવાં કાર્યક્રમથી સ્ત્રી વિકાસને સ્પર્શતા આ કાર્યક્રમમાં સ્ત્રીઓએ ભાગ લઈ આ મસ્ત મોકો ચૂકવા જેવો નથી.

વુમન શકિતનો આ કાર્યક્રમ શનિવાર દિનાંક ૯ ફેબ્રુઆરીએ સવારે ૯ થી ૫ અને રવિવાર ૧૦ ફેબ્રુઆરીએ સવારે ૯ થી ૧નો રહેશે. આ દરમિયાન દરેક ભાગ લેનાર સ્ત્રીઓ માટે ચા-પાણી-નાસ્તો અને જમવાની વ્યવસ્થા કરવામાં આવેલી છે. આ કાર્યક્રમમાં જોડાવા અને વધુ વિગત માટે ૨૩૨૮૮૮૩૩, ૨૩૨૮૮૮૫૫, ૯૮૨૫૨ ૮૩૮૫૫ અને ૯૮૨૫૦૭૩૬૨૪ પર સંપર્ક કરવા જણાવાયું છે.

વુમન કાર્નિવલનાં ફોર્મ રોજ સવારે ૯ થી સાંજનાં પાંચ દરમિયાન નીચેના સ્થળેથી પણ મેળવી શકાશે. કોસમોસ ગ્રુપ જીઆઈડીસી સે-૨૫, શકિત સિલેકશન, ગરબા ગ્રાઉન્ડ સે-૨૭, આસોપાલવ સાડી સે-૨૧, ઉમિયા ટેલરીંગ સે-૨૪, ઉર્મીલ વેદ ૪૧૨ મેઘમલ્હાર સે-૧૧, ગાર્ગી સિલેકશન-ઈન્ફોસિટી મોલ, મહાવીર પાર્લર ઘ-૬, ફિઝીયોથેરાપી સેન્ટર સે-૨૨, જયદેવ પરમાર એન્ડ કંપની સુરભી કોમ્પ્લેક્ષ ઘ-૫, સે-૨૨.

સે. ૨૧ શોપીંગની રોનક બદલાશે

ડિસ્ટ્રીકટ શોપીંગના બંધ ફૂવારા ચાલુ કરવામાં આવશે : તંત્ર ટૂંકમાં ટેન્ડર પ્રકીયા હાથ ધરી કામ ચાલુ કરશે

ગાંધીનગર, તા. ૪

સે. ૨૧ ડીસ્ટ્રીકટ શોપિંગ સેન્ટરમાં છેલ્લા ઘણા સમયથી બંધ ફૂવારા ચાલુ કરવા ટૂંકમાં કામ હાથ ધરાશે. શહેરના મુખ્ય શોપીંગ સેન્ટરની રોનક નિખારવા આગામી દિવસોમાં ટેન્ડરપ્રકીયા હાથ ધરી કામ શરૂ કરાશે. આ પૂર્વે તંત્રની ટીમ દ્વારા યોગ્ય અભ્યાસ હાથ ધરવામાં આવશે.

શહેરમાં સે. ૨૧ સ્થિત મુખ્ય શોપીંગ સેન્ટરમાં વર્ષો પૂર્વે રંગબેરંગી ફૂવારા ઉપરાંત હરિયાળા ઉદ્યાનનુ કામ હાથ ધરાયું હતું. મુખ્ય શોપિંગ સેન્ટરના યોગ્ય વિકાસ માટે ફૂવારા અને બગીચા ઉપરાંત ફૂટપાથ અને પાર્કીંગનું કામ પણ પૂર્ણ કરાયું હતું. શોપીંગ વિસ્તારના વિકાસ પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરી મુલાકાતીઓનું ધ્યાન ખેંચે તેવી રોનક નિખારવામાં આવી હતી. પરંતુ થોડા સમયના અંતે જ આ રોનક ઓછરી ગઈ હતી. શોપીંગમાં સ્થિત ફૂવારા બંધ થઈ જતા વોટરબોડીના સ્થાને ઉકરડો અસ્તિત્વમાં આવ્યો છે. બીજીતરફ ઉદ્યાનની પણ જાળવણી ન થતા ઉજ્જડ ઉદ્યાનમાં ઠેર ઠેર કચરાના ઢગ ખડકાયા છે. આ ઉપરાંત પાર્કીંગ પ્લેસ ઉપર પણ લારી-ગલ્લાના દબાણો અસ્તિત્વમાં આવતા તોતિંગ ખર્ચાના અંતે વેપારીઓ અને મુલાકાતીઓ માટે સુવિધાના ઠેકાણે દૂવિધાઓ ઉભી થઈ હોવાની દયનીય સ્થિતિ સર્જાઈ છે. દબાણ, પાર્કીંગની સમસ્યા ઉપરાંત ગંદકીના ઢગ વચ્ચે ઘેરાયેલા મુખ્ય શોપીંગ સેન્ટરની રોનક પાછી લાવવા તંત્રકક્ષાએ સઘન વિચારણા હાથ ધરવામાં આવી છે. અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર મુખ્ય શોપીંગ સેન્ટરમાં ફૂવારા શરૂ કરવા ટૂંકમાં ટેન્ડરપ્રકીયા હાથ ધરાશે. જેના અંતે કામ શરૂ કરી સંબંધિત એજન્સીને સોંપવામાં આવશે.

સરકારી આવાસમાં શરતભંગના ૧૦૦ કીસ્સાઓ સંદર્ભે કાર્યવાહી

ઝડપથી કાર્યવાહી કરી પ્રતિક્ષાયાદીના અરજદારોને આવાસ ફાળવવા માંગ

ગાંધીનગર, તા. ૪

શહેરની સરકારી આવાસ પેટે ભાડુ ભરપાઈ ન કરતા હોય તેમજ મકાન ખાલી ન કરવાના અંદાજિત ૧૦૦ જેટલા શરતભંગના કીસ્સાઓ સંદર્ભે ઈવીકશન કોર્ટમાં કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. બીજીતરફ શરતભંગના કીસ્સામાં સંદર્ભે ઝડપી કાર્યવાહી પૂર્ણ થાય તો પ્રતિક્ષા યાદીમાં સમાવિષ્ટ મકાન ઈચ્છુક અન્ય કર્મચારીઓને ઝડપી આવાસ મળે તેવી લાગણી પ્રવર્તી છે.

શહેરના વિવિધ સેકટરોમાં જુદી જુદી કેટેગરીના અંદાજિત ૧૬ હજાર જેટલા આવાસો છે. જ્યારે આ પૈકી મોટાભાગના આવાસો કક્ષા મુજબ સરકારી કર્મચારીઓને તેમજ સંસ્થાઓને ફાળવવામાં આવ્યા છે. જ્યારે નિકાલ હેઠળના ૧૯૦૦ સહિત અન્ય મકાનો ખાલી હાલતમાં છે. એ કબાજુ આવાસ મજબૂતીકરણની કામગીરી હાથ ધરવામાં આવી છે. સેકટરોમાં તબક્કાવાર મકાનો રીનોવેશન હેઠળ લેવાતા ભયજનક ન હોય તેવા ખાલી મકાનોની સંખ્યા પણ પ્રમાણમાં ઘણી મોટી હોવાનુ સ્પષ્ટ થયું છે. સરકારી આવાસની ફાળવણી બાદ કર્મચારીઓની બદલી કે અવસાન સહિત ભાડુ ન ચુકવવાના કિસ્સામાં તંત્રની નોટીસના અંતે પણ મકાન ખાલી ન કરતા હોય તેવા શરતભંગના ૧૦૦ જેટલા કેસ ટ્રાયલ થયા છે. શરતભંગના ૧૦૦ જેટલા કીસ્સામાં ઈવીકશન કોર્ટ કક્ષાએથી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં કેટલીક સંસ્થાઓનો પણ સમાવેશ થાય છે. આવા સંજોગોમાં ઈવીકશન કોર્ટની કાર્યવાહી ઝડપથી પૂર્ણ થાય તેવી લાગણી પ્રબળ બની છે. અલબત્ત તંત્રકક્ષાએ મકાન ઈચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ મોટી છે. ત્યારે મકાન ઈચ્છુક કર્મચારીઓને ઝડપથી મકાનની ફાળવણી થાય તેવી માંગ પ્રવર્તી છે.

(તસવીર : દિપક જાની)

રે... બાળપણ - શાળાએ જવાની ઉંમરે જ વાસણ-કપડાંનું કામ કરવામાં જોતરાયેલી બાળકીનું બાળપણ નંદવાઈ રહ્યું છે... સમાજમાં બાળ મજુરી નાથવા ભલે કાયદાઓ ઘડાતા હોય, બાળપણના વિકાસ માટે ભલે પરિસંવાદો થતા હોય, શિક્ષણ ક્ષેત્રે પ્રવેશોત્સવ ભલે ધામધૂમથી થતા હોય પરંતુ શ્રમિકોના બાળકો શ્રમિક તરીકે જ ઉછરી રહ્યા છે... જાકજમાળ એક વર્ગની આસપાસ જ છે... વિકાસ હજુ પણ છેવાડાના માણસોને અડકી શકયો નથી. શિક્ષણ અને સમજણનો વિકાસ સમાજમાં પ્રત્યેક વ્યક્તિના પ્રગટશે ત્યારે આવા દૃશ્યો - અદૃશ્ય થશે...

આજે વિધાનસભા ભાજપ પક્ષની બેઠક

ગાંધીનગર, તા. ૪

ભાજપ વિધાનસભા પક્ષની આવતીકાલે મળનારી બેઠકમાં ધારાસભ્યોને વિધાનસભાની કામગીરી અંગે અને સત્ર દરમ્યાન પ્રશ્નો પુછવા સહીતની બાબતો અંગે માર્ગદર્શન આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ભાજપ વિધાનસભા પક્ષના નેતા અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં ભાજપના ધારાસભ્યોની આવતીકાલે સાંજે એક બેઠક મળનારી છે. આ બેઠકમાં આગામી ૨૦મીથી શરૂ થતાં વિધાનસભા સત્રમાં વિપક્ષ કોંગ્રેસની વ્યુહરચનાને ખાળવા માટે ચર્ચા વિચારણા કરીને વળતી વ્યુહરચના ઘડી કાઢવામાં આવશે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ વખતે ભાજપના ઘણા ધારાસભ્યો પ્રથમવાર જ આવનાર હોવાનું જાણવા મળે છે.

ગુજરાતમાં ગેસ ગ્રીડના કરવામાં આવેલી કામગીરી અને ઉર્જાક્ષેત્રે કરાયેલી કામગીરીનો ચિતાર પણ ગુજરાતના ઉર્જામંત્રી દ્વારા આ બેઠકમાં કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

બોલવું એ સહિતની બાબતો અંગે માર્ગદર્શન આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

આ ઉપરાંત આ બેઠકમાં વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવેલી કામગીરી અને મેળવવામાં આવેલી સિદ્ધિઓ અંગેની વિગતો સાથેના સાહિત્યો પણ જે તે વિભાગો દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે. તે સાહિત્યો પણ ધારાસભ્યોને આપવામાં આવશે અને આ સાહિત્યનો અભ્યાસ કરીને ચર્ચામાં તેનો ઉપીયોગ કરવા અંગે પણ માર્ગદર્શન આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ ધારાસભ્યોને રાજ્ય સરકાર ભીસમાં ન મુકાય અને વિપક્ષને તક ન મળે તે રીતે પ્રશ્નો પુછવા અંગે પણ માર્ગદર્શન આપવામાં આવશે અને પક્ષના ચૂંટાયેલા છે. આથી તેમને વિધાનસભાની કામગીરી અંગેનો ખ્યાલ ન હોઈ આથી નવા ધારાસભ્યોને ગૃહમાં કઈ રીતે અને કેવા પ્રશ્નો પુછવા, અંદાજપત્ર પર તેમજ માંગણીઓ પરની ચર્ચામાં ભાગ લેવા અને કયા વિષયો પર શું આદેશ અને વ્હીપ પ્રમાણે જ અનુસરવા માર્ગદર્શન આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

આ સપ્તાહમાં રાજ્યની ૭૫ નગરપાલિકા અને બે જિલ્લા પંચાયત ૧૫ તાલુકા પંચાયતોની ચૂંટણી

● અનુસંધાન પાન-૭ પર

દિલ્હી ખાતે આજે રાજયોના ઉર્જામંત્રીઓની બેઠક

ગાંધીનગર, તા.૪

દિલ્હી ખાતે આવતીકાલે મળનારી રાજયોના ઊર્જા પ્રધાનોની બેઠકમાં ગુજરાત વતી કોલસો અને ગેસની ફાળવણી અંગે રજુઆત કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

કેન્દ્રના ઉર્જા પ્રધાનની અધ્યક્ષતામાં આવતીકાલે દેશના તમામ રાજયોના ઉર્જામંત્રીઓની બેઠક મળનારી છે જેમાં ગુજરાતના ઉર્જા મંત્રી સૌરભભાઈ પટેલ હાજરી આપનાર છે.

કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને જે કોલસો ફાળવવામાં આવે છે તે દૂરના અંતરેથી ફાળવવામાં આવે છે જેના કારણે કોલસાના પરિવહન ખર્ચ વધતાં રાજયના વિજમથકો પર મોટું આર્થિક ભારણ આવે છે. આ ઉપરાંત કોલસો પણ ગુણવત્તાવાળો મળતો નથી. આથી આ અંગે ગુજરાતના ઉર્જામંત્રી વિજ ઉત્પાદન ક્ષેત્રમાં ગુજરાતે સાધેલા વિકાસ અંગેનો ચિતાર રજુ કરીને ગુજરાતને નજીકના સ્થળેથી અને ગુણવત્તાવાળો કોલસો ફાળવવામાં આવે તેવી રજુઆત કરનાર હોવાનું જાણવા મળે છે.

આ ઉપરાંત ગુજરાતને ગેસનો જે પુરવઠો પુરો પાડવામાં આવે છે તે ઓછો ફાળવવામાં આવે છે એટલું જ નહીં દેશના અન્ય રાજયોને જે ભાવે ગેસ આપવામાં આવે છે તેના કરતા વધુ ભાવે ગુજરાતને ગેસ આપવામાં આવે છે આમ કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને કરવામાં આવતા અન્યાય અંગે પણ ગુજરાતનો અવાજ રજુ કરીને ઉર્જા મંત્રી ગુજરાતને તેની જરુરીયાત મુજબનો ગેસ પુરવઠો પુરો પાડવા અને અન્ય રાજયોને જે ભાવે ગેસ અપાય છે તેજ ભાવે ગેસ આપવા માટે પણ અસરકારક રજુઆત કરવામાં

શ્રી રાજપૂત સમાજ ગાંધીનગર

આથી રાજપૂત સમાજના દિકરા - દીકરીઓને જણાવવાનું કે, શ્રી રાજપૂત સમાજ, સે.૧૨, ગાંધીનગર ખાતે વિવિધ સ્પર્ધાત્મક પરિક્ષાઓના ક્લાસ ચલાવવા માગે છે તો તા. ૧૫-૨-૨૦૧૩ સુધીમાં ફોન ઉપર રજીસ્ટ્રેશન કરાવવું.

સ્થળ : હંસાબા શ્રી રાજપૂત સમાજ, સે.૧૨, ગાંધીનગર.
સંપર્ક : ૦૭૯-૨૩૨૩૮૭૭૮, ૯૮૨૪૨૭૩૫૦૩, ૯૮૨૪૨૬૫૪૦૮, ૯૭૩૭૩૫૧૮૮૬

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

SANGHI CEMENT · KISAN · BENELAVE · H.FIXIT · VIRAT TMT BARS - ISI · TATA STEEL • PIPES • SHEETS · SANGHI STEEL - ISI · ashirvad C. PVC, UPVC

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીકટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com